ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર, સેક્ટર-૧૦(એ) -ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નંબર - ૨૩૨૫૦૨૯૪ - ૪૪૯૨૭ - ૫૦૩૩૦

ફેક્સ: (૦૭૯)-૨૩૨૫૦૨૮૦ - ૪૪૯૨૬

E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in

ક્ર.નં.મફબ/SJMMSVY(UDP-78)/2016-17/મહા ન.પા./સડક (MMSSY)/૨૦૧૬/ તા. 3 MAY 2016

વંચાણે લીધા :-

૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨/૫/૨૦૧૬ના ઠરાવ નં.સજય/૧૦૨૦૧૩/૨૨૭(૨)/ધ

૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૬/૦૪/૨૦૧૬ના બે ઠરાવ નં.બજટ/૧૧૨૦૧૬/૧૩૫૦-૨ અને ૧૩૫૧-૨/ધ તથા તા.૨૮/૪/૧૬ના સાત ઠરાવો નં.બજટ/૧૧૨૦૧૬/૧૩૪૯-૧, ૫, ૩ તથા ૧૩૫૦-૧, ૩ અને ૧૩૫૧-૧, ૩/ધ.

૩) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગરની વર્ષ ૨૦૧૬-૧૭ની ગ્રાંટ મહાનગરપાલિકા/નગરપાલિકાઓને હવાલે મૂકવા અંગેના ચેક વિતરણ કાર્યક્રમ અંગેની ફાઇલ ઉપરના નોંધ પૃ.(૧ થી ૫) ઉપર સરકારશ્રીની તા.૨૯/૪/૧૬ની મળેલ મંજુરી.

દફતરી હુકમ :

સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના સને ૨૦૧૬-૧૭ (UDP-78/88/91) માટે રૂ. ૪૩૬૧.૫૦ કરોડની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ના બજેટમાં જોગવાઇ થયેલ છે. ઉકત જોગવાઇ અનુસંધાને શહેરી વિકાસ વિભાગ તરફથી આમુખ (૨) ઉપરના તા.૨/૫/૨૦૧૬ના ઠરાવથી **રૂ.૫૦૦/- કરોડ મુખ્યમંત્રી શહેરી સડક યોજનાની** ફાળવણી અંગેનો ઠરાવ કરવામાં આવેલ છે. તદ્ધઅન્વયે શહેરી વિકાસ વિભાગના આમુખ(૩) ઉપરના તા.૨૬/૪/૧૬ તથા તા.૨૮/૪/૧૬ના હુકમ નવ ઠરાવોથી ઉકત સને ૨૦૧૬-૧૭ જોગવાઇમાંથી રાજયની મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ તથા શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ માટે આ બોર્ડ હસ્તકની યોજના અંતર્ગત, કુલ રૂ.૧૨૧૫.૬૧૧૧ કરોડની રકમ બોર્ડને હવાલે મૂકવામાં આવેલ છે. જેમાં રૂ.૫૭૦/- કરોંડની રકમનો સમાવેશ થાય છે.

સરકારશ્રીના ઉકત મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના વંચાણે લીધેલ ક્રમ(૧) ઉપરના ઠરાવથી રૂ. ૨૪૧.૫૦ કરોડની રકમ રાજયની મહાનગરપાલિકાઓને ફાળવવાની થાય છે, જયારે નગરપાલિકાઓની રૂ.૨૫૮.૫૦ કરોડની રકમ જી.યુ.ડી.એમ.ના હસ્તક મૂકવાની થાય છે. તે ધ્યાને લઇ, **આઠ મહાનગરપાલિકાઓને મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના કામો માટે,** નીચેની વિગતે ફાળવેલ કુલ **રૂ. 241.50 કરોડ (અકે રૂપિયા બસો એકતાલીસ કરોડ પચાસ લાખ પુરા)** ની રકમ ચુકવણી કરવાની નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

ક્રમ	મહાનગરપાલિકા	આ યોજના હેઠળ થયેલ ફાળવણી તથા આ હુકમથી ચુકવવાની થતી રકમ ₹. કરોડમાં
૧	૨	૩
૧	અમદાવાદ	85.00
૨	સુરત	69.50
૩	વડોદરા	29.00
૪	રાજકોટ	22.00
૫	ભાવનગર	13.00
૬	જામનગર	11.00
૭	જૂનાગઢ	7.00
૮	ગાંધીનગર	5.00
	કુલ	241.50

શરતો :-

૧) તમામ મહાનગરપાલિકાએ આમુખ-(૧) ઉપરના શહેરી વિકાસ વિભાગના ઠરાવોની જોગવાઇઓનું તથા આ અંગેની સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. અને તે મુજબ ગ્રાંટની રકમ વાપરવાની રહેશે.

૨) મહાનગરપાલિકાએ, સ્ટેન્ડીંગ કમિટીની મંજુરી મેળવીને, શહેરી વિકાસ વિભાગની સૈધ્ધાંતિક મંજુરી મેળવવા સારૂ, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને વર્ષ ૨૦૧૬-૧૭ની ગ્રાંટ અન્વયેની દરખાસ્ત સરકારશ્રીના આમુખ(૧) ના ઠરાવને ધ્યાને લઇને મોકલી આપવાની રહેશે.

૩) ગાંધીનગર મહાનગરપાલિકાએ ફાળવણી થયેલ ગ્રાંટ, મહાનગરપાલિકા વિસ્તારના રસ્તાના કામો માટે પાટનગર યોજના વર્તુળ, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરને ડીપોઝીટ વર્ક તરીકે કામ કરવા સારૂ ફાળવવાની રહેશે.

૪) ઉપર મુજબ ફાળવાયેલ ગ્રાંટ પરત્વે મંજુર થયેલ કામો માટે જ, સંબંધિત મહાનગરપાલિકા દ્વારા ગ્રાંટ વપરાયેલ છે કે કેમ? તેની ચકાસણી અગર રૂબરૂ નિરીક્ષણ કરવા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ અને આ બોર્ડ હકકદાર રહેશે.

૫) આ યોજના અંતર્ગત તમામ મહાનગરપાલિકાએ, કરવામાં આવેલ ખર્ચની વિગતોના વપરાશી પ્રમાણપત્ર તથા નિયત સમયમાં કામગીરી પૂર્ણ કરી, નિયત નમુનામાં તેના કમ્પલીશન પ્રમાણપત્ર તથા દર માસે પ્રગતિ અહેવાલ પણ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને મોકલી આપવાના રહેશે.

ઉપરોકત **રૂ. 241.50 કરોડ (અકે રૂપિયા બસો એકતાલીસ કરોડ પચાસ લાખ પુરા)** ની ગ્રાંટ ચુકવણીનો ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ની બોર્ડને હવાલે મૂકવામાં આવેલ રૂ.૧૨૧૫.૬૧૧૬ કરોડની ગ્રાંટમાંથી ઉધારવાનો રહેશે.

(રાકેશ શંકર)IAS
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ તથા **ગાંધીનગર** મહાનગરપાલિકા

નકલ જયભારત સહ રવાના:-

૧) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
૨) અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩) અધ્યક્ષશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
૪) અધ્યક્ષશ્રી, સ.જ.મુ.મં.શ.વિ.યોજના સમીક્ષા સમિતિ-વ-મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત શહેરી વિકાસ કંપની લી,, ગાંધીનગર.
૫) નાયબ સચિવશ્રી(પ્રોજેકટ), શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬) નાયબ સચિવશ્રી(બજેટ), શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭) નાયબ નિયામકશ્રી(નાણાં) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફ...

૩.241.50 કરોડ (અકે રૂપિયા બસો એકતાલીસ કરોડ પચાસ લાખ પુરા) ની ચુકવણી ઉપર હુકમમાં જણાવ્યા મુજબ સંબંધિત મહા ન.પા.ના કમિશ્નરશ્રીના રાષ્ટ્રીયકૃત બેન્કના ખાતામાં તાત્કાલિક ચુકવવા સારૂ.

૮) સીટી એન્જીનીયર-વ-નોડલ અધિકારીશ્રી, સ.જ.મુ.મં.શ.વિ.યોજના, સંબંધિત આઠ મહા ન.પા.
૯) રજીસ્ટર ફાઇલ,
૧૦) સીલેકટર ફાઇલ,
૧૧) કોમ્પ્યુટર શાખા.